# અંબાજી રોડ પર આંબાઘાટ પાસે જીપ-ટ્રક વચ્ચે અકસ્માત : ૫ના મોત ૧૭ ગંભીર


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)





પાલનપુર, તા. ૧૦

વિશ્વ વિખ્યાત યાત્રાધામ અંબાજી પાસે આજે ભાદરવી પૂનમ નજીક હોવાથી દર્શનાર્થીઓનો ભારે ધસારો ચાલુ થવામાં છે ત્યારે આજે મોડી સાંજે દાંતાથી આંબાઘાટ રોડ પર શટલીયા જીપ અને ટ્રક વચ્ચે ધડાકાભેર અકસ્માત થતાં જીપમાં બેઠેલ ૨૦થી વધુ મુસાફરો પૈકી ૪ના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા.

જ્યારે ૧૮થી વધુ ઘાયલોને ૧૦૮ અને અન્ય વાહનો મારફતે પાલનપુર સિવિલ અને ત્યાંથી ગંભીર ૫ને અમદાવાદ ખસેડાયા છે. આંબાઘાટા નજીક ભેમામ નજીક આવેલી ક્વોરીઓનું ડમ્પર અને શટલીયા જીપ વચ્ચે ધડાકાભેર ટક્કર મારતા જીપમાં બેઠેલા ૪ના ઘટના સ્થળે કાળનો કોળીયો બની ગયા હતા.

આ બનાવ અંગે દાંતા પોલીસે ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી ઘાયલોને સારવાર અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

જ્યારે ગંભીર ઈજાગ્રસ્તોને વધુ સારવાર અર્થેઅમદાવાદ ખસેડાયા છે. જ્યારે ૧૦થી વધુ પાલનપુર સિવિલમાં સાવરા હેઠળ છે. આ ગમખ્વાર અકસ્માતથી સમગ્ર પંથકમાં ઘેરાશોકની કાલીમાં પ્રસરી ગઈ છે.

## સે-૨૪ ચોકડી પટેલ પાર્લરમાં

# ફુગ ચઢેલી કેક પાછી આપતા દુકાનદારે હાથ અદ્ધર કરી લીધા

### દિકરા માટે ખરીદેલી ફ્રુટ કેક ટેસ્ટ કરનાર પિતાને ઊબકા આવવા લાગ્યા : આખું પેકેટ ખોલીને જોયું તો ફુગ ચઢી ગયેલી હતીદ્

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સે-૨૧ ખાતે ફ્રુટસલાડની લારીમાંથી ફ્રુટ સલાડ પીનાર ગ્રાહકના ગ્લાસમાંથી મરેલો દેડકો નીકળ્યાની ઘટના બાદ આજે સે-૨૪માં આ પ્રકારનો કિસ્સો બનવા પામ્યો છે. સે-૨૪ પટેલ પાર્લરમાંથી ખરીદેલી એમ્પાયર બેક ફુડ કંપનીની ફ્રુટ કેક ફુગ ચઢી ગયેલી નીકળતા ગ્રાહક પરત કરવા ગયા હતાં. દુકાનદારે મારી કોઈ જવાબદારી નથી તમે કંપની પર કેસ કરવો હોય તો કરો કહીને હાથ અધ્ધર કરી લીધા હોવાનો બનાવ બનવા પામ્યો છે.



સેકટર-૨૭ ખાતે રહેતા સ્વપ્રીલભાઈ સોનીના જણાવ્યા પ્રમાણે તેમના દિકરા માટે સે-૨૪ ચોકડી પાસે સ્થિત પટેલ પાર્લરમાંથી એમ્પાયર બેક ફુડ કંપનીની પેકડ ફ્રુટ કેક ખરીદી હતી. કેક ઘરે લઈ ગયા અને દિકરાએ પેકેટ ખોલ્યું ત્યારે દુર્ગંધ આવતા સ્વપ્રીલભાઈએ કેક લઈને ટેસ્ટ કરી હતી તરત જ ઉબકા આવવા લાગતા આખું પેક ખોલીને ચેક કર્યુ તો કેકમાં ફુગ ચઢી ગયેલી હતી. દુકાનદાર પાસે જઈને કમ્પલેઈન કરતાં વળતો એવો જવાબ મળ્યો હતો કે આમાં અમારે કોઈ લેવા દેવા ન હોય, કંપની પર જઈને કેસ કરો...! જવાબ સાંભળીને ડઘાઈ ગયેલા સ્વપ્રીલભાઈએ ફ્રુટ કેકમાં મેન્યુફેચરીંગ ડેટ જોઈ તો ૨૩ ઓગષ્ટની હતી અને ૨૦ દિવસ સુધી તેને ખાવા લાયક વર્ણવી હતી હજુ એકસપાયરી ડેટ ન આવી હોવા છતાં કેવી રીતે કેક બગડેલી નીકળી તે પ્રશ્ન સ્વપ્રીલભાઈને મુંઝવી રહ્યો છે.


પાલનપુરમાં આજે સ્વામી વિવેકાનંદ નિમિત્તે ભારત જાગો દોડનું ાયોજન કરાયું છે. આજે વિવેકાનંદજીના વિચારો સાથે ૩૫૦૦ યુવાનો દોડશે. ત્યારે વિવેકાનંદ કેન્દ્રના કન્વીનર ગણપતભાઈ જોષીનું સન્માન કરતા સાંસદ હરિભાઈ ચૌધરી દેખાય છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## રાષ્ટ્રીય ચિહ્નનો ઉપયોગ હવે બાઈકમાં પણ..!

દેશનાં પ્રથમ નાગરીક રાષ્ટ્રપતિ અને રાજ્યના પ્રથમ નાગરીક રાજ્યપાલને જ હોદ્દાની રૂએ આપવામાં આવતા વિશેષ સન્માન રાષ્ટ્રીય ચિહ્ન અશોક સ્થંભનો ઉપયોગ હવે ગાંધીનગરના બાઈકચાલકો પણ બાઈકની નંબર પ્લેટ લગાવીને ફરતાં થઈ ગયા છે...! નવાઈની વાત તો એ છે કે જીજે-૧૮-એમ-૬૫૭૬ નંબરના આ સ્પ્લેન્ડર બાઈકની નંબર પ્લેટ નીચે 'પોલીસ' પણ લખેલુ છે. તપાસનો વિષય એ છે કે ખરેખર પોલીસ જ નિયમોની ઐસી કી તૈસી કરે છે. અન્ય કોઈ નાગરીક પોલીસનાં નામે ચરી ખાય છે..!

# શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, સેકટર-૨૬ દ્વારા બ્રહ્મ પરિવાર મિલન અને પુરસ્કાર અર્પણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૦

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, સેકટર-૨૬ દ્વારા તાજેતરમાં બ્રહ્મ પરિવાર મિલન એવમ પુરસ્કાર અર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ ઉપરાંત સમગ્ર શ્રાવણ માસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

સેકટર-૨૬ કિસાનનગર/ગ્રીનસીટી સ્થિત બ્રહ્મ પરિવારો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શિવ આરાધના પર્વનો ખુબ જ ભકિતભાવ પૂર્વક પ્રારંભ થયો. આ વર્ષે પણ ભગવાન શિવનું સ્ફટિકનું શ્રી યંત્ર સહિતનું લિંગ ચાંદીમાં તૈયાર કરી શેષનાગ-છત્ર વિગેરેની ભવ્ય શોભાયાત્રા શ્રી ઈન્દ્રવદન પંડયાના નિવાસ સ્થાનેથી નીકળી શ્રી વિષ્ણુભાઈ જાનીને ત્યાં પધરામણી કરી બમ બમ ભોલે-ઓમ નમઃ શિવાય ની ધૂનમાં બ્રહ્મ પરિવારની આ ભવ્ય શોભાયાત્રામાં સમસ્ત બ્રહ્મ પરિવાર આનંદ અને ઉલ્લાસભેર ભકિતભાવ પૂર્વક જોડાયા હતા.

સમગ્ર શ્રાવણ માસ દરમિયાન દરરોજ રાત્રે દરેક વિપ્ર પરિવારના ઘર આંગણે ક્રમશઃ શિવમહાપૂજાનો વેદોકત-શાસ્ત્રોકત મંત્રોચ્ચાર સાથે શિવ મહિમ્ન સ્તોત્રનો પાઠ અને વિધિથી પૂજા પ્રાર્થના કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે શ્રી ભરતભાઈ પંડયા, શ્રી રતીભાઈ રાવલ તથા શ્રી વિષ્ણુભાઈ જાનીએ સમગ્ર શ્રાવણ માસ દરમિયાન આચાર્ય પદે રહી અદભુત સેવા આપી હતી.

શ્રાવણ માસના અંતે આંબેડકર હોલ, સેકટર-૧૨ ખાતે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ ગાંધીનગરનો 'બ્રહ્મ પરિવાર મિલન' એવમ 'પુરસ્કાર અર્પણ' કાર્યક્રમ યોજાયો. જેમાં તેજસ્વી વિદ્યાર્થી સન્માન, ચેક અર્પણ, વિશિષ્ટ વ્યકિતત્વ સન્માન, ગૌરી પૂજન જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં સમારંભ અધ્યક્ષ તરીકે શ્રી પિનાકીનભાઈ રાવલ (પ્રમુખશ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર) મુખ્ય મહેમાન તરીકે શ્રી લીલાબેન દક્ષેશભાઈ ત્રવેદી સમારંભ પ્રમુખ તરીકે શ્રી સુશીલાબેન એસ. ત્રિવેદી, શ્રી સમીરભાઈ ત્રિવેદી, કોસમોસ ગ્રુપ તેમજ અતિથિ વિશેષ તરીકે શ્રી પ્રીતીબેન પ્રફુલભાઈ પંડયા ઉપસ્થિત રહ્યા હતા. અન્ય વિશેષ મહેમાનોમાં શ્રી અશ્વિનભાઈ ત્રિવેદી, શ્રી સમીરભાઈ ત્રિવેદી તેમજ શ્રી રાહુલ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છથી તેમજ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૬ના પ્રમુખશ્રી દક્ષેશભાઈ ત્રિવેદી અને કારોબારી સભ્યોએ કર્યુ હતું.

## ધાર્મિક આસ્થાના ઉત્સવોમાં

# પર્યાવરણની જાળવણી એ સાચી ધાર્મિકતા

### સ્વચ્છતા, શિસ્તતા અને સભ્યતાના સમન્વય સમા આ ધાર્મિક પર્વોમાં શ્રદ્ધાળુઓની પરીક્ષા

ગાંધીનગર, તા. ૧૦


રાજ્યભરમાં હાલ ધાર્મિક ઉત્સવોની પૂરબહાર ખીલી ઉઠી છે. જેમાં ગણેશ મહોત્સવ અને અંબાજી પદયાત્રા વિશેષ બની છે. બાદમાં નવરાત્રી મહોત્સવ પણ શરૂ થશે. ધાર્મિક આસ્થાના આ પર્વોમાં શ્રદ્ધાળુઓ ઉત્સવો મનાવવામાં ગળાડુબ બનશે. આ ઉત્સવો દરમ્યાન શ્રદ્ધાળુઓની સુખ સુવિધા ઉભી કરાતી હોય છે. પરંતુ પ્લાસ્ટિક પાણીના પાઉચ, પાણી બોટલ, ચાના કપ તથા અન્ય ચિજવસ્તુઓને ઉપયોગ કરી ગમે તેમ માર્ગો ઉપર નાંખી પર્યાવરણની જાળવણી થતી નથી. જેથી સ્વચ્છતા, શિસ્તતા અને સભ્યતાના સમન્વય એવા આ ધાર્મિક પર્વોમાં નૈતિક ફરજ બજાવવાની પરીક્ષામાં શ્રદ્ધાળુઓ ઉણા ઉતરતાં હોય તેવા દશ્યો નજરે પડતા હોય છે.

રાજ્યમાં ધાર્મિક ઉત્સવોની ઉજવણી માટે ગુજરાતી શ્રદ્ધાળુઓ વિશ્વભરમાં વખણાય છે. હાલમાં ગણેશ મહોત્સવ અને અંબાજી પદયાત્રાના ધાર્મિક ઉત્સવોની ઉજવણી થઈ રહી છે. શ્રદ્ધાળુઓની આસ્થાને વધુ ચેતનવંતી બનાવવા કેટલાક ભક્તો દ્વારા શામિયાણાં બાંધીને સુખ-સુવિધા ઉભી કરી તેમની શ્રદ્ધાને બિરદાવતા હોય છે.

પરંતુ શ્રદ્ધાળુઓની સુખસુવિધામાં ઉપયોગ લેવાતી ચિજવસ્તુઓ જેવી કે પાણીના પાઉચ, પાણીની બોટલ, ચાના કપ, પ્લાસ્ટિક થેલીઓ વગેરે ઉપયોગ થયા પછી માર્ગો ઉપર ગમે તેમ નાંખી દેવાય છે. જેથી હજારો અને લાખોની સંખ્યામાં ઉપયોગ થયેલી આ નકામી વસ્તુઓ ગંદકી સાથે પર્યાવરણને ભારે નુકસાન પહોંચાડે છે. જેથી પોતાની નૈતિક ફરજ સમજી આ ધાર્મિક મહોત્સવમાં સ્વચ્છતા, શિસ્તતા અને સભ્યતાનો સમન્વય થાય તો ભગવાન સાથેની આત્મીયતામાં ઓર વધારો થશે અને સાચી ધાર્મિકતાના દર્શન થશે.

શામીયાણા બાંધી સુખ સુવિધા આપતા ભક્તો અને મહોત્સવને માણતાં શ્રદ્ધાળુઓ પોતપોતાની નૈતિક ફરજ બજાવી ગુજરાતની ઉત્સવ પ્રિય પ્રજાને વિશ્વભરમાં પર્યાવરણ ક્ષેત્રે પણ નામના અપાવે તેજ પ્રભુ અને ધાર્મિકતાના સાચા ભક્ત ગણાય તે લખવું યોગ્ય લેખાશે. ગણેશ મહોત્સવ, અંબાજી પદયાત્રા ઠેક ઠેકાણે ઉમટી પડશે ત્યારે ધાર્મિક આસ્થાના આ ઉત્સવો ખરા અર્થમાં ભક્તિના સમન્વય બની જશે તેવી અપેક્ષા પર્યાવરણ બચાવી લોકોના સ્વાસ્થ્ય પણ કેળવાશે તેવું પર્યાવરણ વિદો જણાવી રહ્યા છે.

## શબ્દાવલી - ૫૧૭૨



### આડી ચાવી

૧. સાધારણ લોકો, નાગરિકો (૫)
૫. ઉપકાર (૨)
૬. ... આવી જવું, ગળે આવી જવું (૨)
૭. એક શાક (૩)
૯. એક શાક (૩)
૧૨. ધામ, ગરમી (૪)
૧૩. ધારણા કરવી, ... કરવું (૪)
૧૬. તમે, માનવાચક શબ્દ (૨)
૧૭. છૂટ્ટી, રવિવારની ... (૨)
૧૮. ખળખળી જવું (૫)
૨૦. ઘરેણું (૩)

### ઊભી ચાવી

૧. આવવું અને જવું, આવનજાવન (૫)
૨. રસ્તો, પંથ (૩)
૩. આકાશ, નીલ (૨)
૪. ટેલિગ્રામ, વિજળીથી મોલકાતો સંદેશો (૨)
૫. અંત, ... લાવવો, છેડો (૨)
૮. દેવસ્થાન (૩)
૧૦. દેવતાઓને ઈચ્છિત વસ્તુ આપનારી ગાય (૪)
૧૧. ... કરવું, વ્યર્થ હલનચલન કરવું (૬)
૧૩. વાકેફના હોવું, જાણ ન હોવી (૩)
૧૪. ... અને મચ્છર ગંદકી સાથે રોગ ફેલાવે (૨)
૧૫. પાણીની ચકલી
૧૬. લીલા-ભીના જરાક અકડવાથી પણ દુઃખે તેવા (૨)
૧૭. ધૂળનો નાનો કણ (૨)
૧૯. ડર, બીક (૨)

### શબ્દાવલી ૫૧૭૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) બાજુબંધ (૩) નીવેડો (૫) ડશિયલ (૭) કપોલકલ્પીત (૧૧) લાતન (૧૨) કટ (૧૩) ધાણ (૧૪) અઢળક (૧૫) નમક (૧૬) મેસુર (૧૭) રથ (૧૯) કલંક

**ઊભી ચાવી :-** (૧) બારીક (૨) ધડકન (૩) નીયત (૪) વેલ (૬) શિલ્પી (૮) પોલાણ (૯) લત (૧૦) કટક (૧૨) કળતર (૧૩) ઘાલમેલ (૧૪) અકર્મક (૧૫) નરક (૧૮) થડો

# સે-૨૪ બાપા સીતારામ મઢુલી ખાતે આયુર્વેદ ઔષધિય ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ




ગાંધીનગર, તા.૧૦

બાપા સીતારામ યુવક મંડળ સેકટર-૨૪ અને ગાંધીનગર આયુર્વેદ મેડીકલ પ્રેકટિશનર્સ એસોસિએશન દ્વારા તા. ૭ થી ૧૧ સપ્ટેમ્બર સુધી બાપા સીતારામ મઢુલી ખાતે સવારે ૭ થી ૧૦ વાગ્યા સુધી ચીકનગુનીયા, વાં, સાંધાના દુખાવા માટે આયુર્વેકિ ઔષધિઓના ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે જનો લાભ ૧૦૦૦થી વધુ શહેરીજનો લે છે. કેમ્પનું આયોજન વૈદ્ય રાકેશ ભટ્ટના સહયોગથી અને માર્ગદર્શનથી કરવામાં આવ્યું છે. બાપા સીતારામ યુવક મંડળના જગદીશભાઈ રાવલ, બચુભાઈ રાવળ, કાનજીભાઈ સોલંકી, શેરખાન પઠાણ, વિક્રમ સોલંકી વગેરે સભ્યો સેવા આપી રહ્યા છે. આ કેમ્પનો લાભ લેવા જાહેર જનતાને ડૉ. નિતિન પી. અનજાને અનુરોધ કર્યો છે.

## આજે સે-૨/સી શિવકથામાં રામેશ્વર જયોર્તિલીંગ પ્રાગટય

ગાંધીનગર, તા.૧૦

શહેરના સેકટર-૨-સી કોમન પ્લોટમાં ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે ચાલતી શિવકથામાં તા. ૧૧ સપ્ટેમ્બરના રોજ બપોરે ૨.૩૦ કલાકે રામેશ્વર જયોર્તિલીંગનું ભવ્ય પ્રાગટય કરવાનું છે. આ પ્રસંગે સૌ ભકતોને પધારવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા ચ-૦ ખાતે સેવા કેન્દ્રનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા અંબાજી જતા પદયાત્રીકો માટે સેવા કેન્દ્ર ચ-૦ ખાતે શરુ કરવામાં આવ્યું છે.

ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા તા.૯થી ૧૪ સપ્ટેમ્બર સુધી સેવા કેન્દ્રનો શુભારંભ મહાનગર અધ્યક્ષ નિતિનભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યો છે. આ સેવા કેમ્પમાં પગપાળા જતા યાત્રાળુઓને મીનરલ પાણી, ચા કોફી તેમજ ભોજન અને આરામની વ્યવસ્થા કરવામાં આવી છે. સેવા કેન્દ્રની શરૂઆતમાં શ્રી સત્યનારાયણ ભગવાનની કથા કરવામાં આવી હતી. જેમાં ગૃહ મંત્રી રજનીભાઈ પટેલ તથા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોત્તમભાઈ રૂપાલા આરતીમાં ઉપસ્થિત રહ્યા હતા. સેવા કેન્દ્રમાં મહાનગરની ટીમ ૨૪ કલાક ખડે પગે રહી યાત્રાળુઓની સેવા કરશે તેમ પ્રમુખ નિતિનભાઈ પટેલે જણાવ્યું છે.

## નવા કાર્યરત જિલ્લાઓમાં મંજુર થયેલ જગ્યાઓ સત્વરે ભરવા તાકીદ કરાઈ

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યના નવ રચિત જિલ્લા અને તાલુકાઓમાં મંજુર થયેલ જગ્યાઓ સત્વરે ભરવા માટેની કાર્યવાહી હાથ ધરવા માટે સામાન્ય વહીવટ વિભાગને સૂચનાઓ આપવામાં આવી છે. રાજ્ય સરકારે કેટલાક જિલ્લાનું વિભાજન કરીને નવા સાત જિલ્લાની રચના કરવામાં આવી છે. આ ઉપરાંત નવા ૨૩ તાલુકાઓની પણ ગઈ કાલે રચના કરવામાં આવી છે.

નવા જિલ્લા અને તાલુકાની રચના કરવામાં આવ્યા બાદ ગત ૧૫મી ઓગષ્ટથી નવ રચિત જિલ્લાઓ અલગ જિલ્લા તરીકે કાર્યરત થતાં આ જિલ્લામાં જિલ્લા વહીવટી તંત્ર કાર્યરત બને તે માટે વિવિધ જિલ્લા કચેરીઓ માટે જગ્યાઓ મંજુર કરવામાં આવેલી છે. મંજુર કરવામાં આવેલી જગ્યાઓ પૈકી હજુ કેટલીક જગ્યાઓ ભરવામાં નહી આવતાં વહીવટી કામગીરીમાં અનેક મુશ્કેલીઓ પડતી હોવાનું ધ્યાન પર આવતાં આ બાબતની રાજ્ય સરકારે ગંભીર નોંધ લઈને નવા કાર્યરત થયેલા જિલ્લાઓમાં મંજુર કરવામાં આવેલી તમામ જગ્યાઓ સત્વરે ભરવા માટેની કાર્યવાહી કરવા સામાન્ય વહીવટ વિભાગને સૂચનાઓ આપવામાં આવી છે. રાજ્ય સરકારે નવા ૨૩ તુલાકુઓની રચના કરતાં આ તાલુકાઓ ગઈ કાલથી અમલી બન્યા છે. આથી આ તાલુકાઓમાં પણ જરૂરી જગ્યાઓ મંજુર કરીને તે ભરવા માટેની કાર્યવાહી સત્વરે હાથ ધરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

## કુદીને ભાગ્યા હતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાંચ જણા નશામાં ચકચૂર હાલતમાં ત્રીજે માળેથી ઝાડ પર અને ત્યાંથી નીચે કુદી ગયા હતા. જાનના જોખમે કુદી ગયેલા પાંચ પૈકી ત્રણને ફ્રેકચર થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે જે તમામ ખાનગી હોસ્પિટલમાં દાખલ છે. આ સંદર્ભે સિનિ. પી.આઈ. જે.એમ. ભરવાડને પુછતાં તેમણે જણાવ્યું હતું કે અમે દશેય આરોપીઓની પુછપરછ કરી પરંતુ તેઓ નામ બોલી રહ્યા નથી અને તે ૧૦ જણા જ હોવાનું નિવેદન આપે છે. જો કે તે પ્રકરણે તપાસ ચાલી રહી છે.

## પશુઓના જીવન જોખમમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યો છે. ફાટક નજીક ઘાસનું વેચાણ થાય છે. પશુને ચારો નાંખવા માટે માટે પશુપ્રેમીઓની ભીડ જામે છે. બીજીતરફ નજીકમાં સ્થિત રેલવે ટ્રેકના વિસ્તારમાં અબોલ પશુઓની અવર-જવર વધુ રહેતી હોવાથી ગમે ત્યારે અકસ્માતમાં પશુઓનો જીવ જોખમાય તેવી દહેશત પ્રવર્તી છે. આવા સંજોગોમાં રેલવે ફાટક નજીક કાર્યરત ઘાસ ડેપો અન્ય જગ્યાએ ખસેડવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ ઉઠવા પામી છે. મુંગા પશુઓનો જીવ જોખમમાં ન મુકાય તે માટે જાગૃત નાગરિકોમાં પણ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવા પ્રબળ માંગ કરી છે.